UNITY PUBLICATION™

મૉડલ પ્રશ્નપત્ર ક્રમાંક

UNITY/CCE-A/P3/04

ગૌણ સેવા પસંદગી મંડળની નવી પરીક્ષા પદ્ધતિ મુજબ

સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા (CCE)
ગ્રુપ-A મુખ્ય પરીક્ષા

પ્રશ્નપત્ર-3 : સામાન્ય અભ્યાસ (વર્ણનાત્મક)

યુનિટી પેપરસેટ · મૉડલ પ્રશ્નપત્ર – 4

સમય : 3 કલાક | **કુલ પ્રશ્નો : 56** | **કુલ ગુણ : 150**

ઉમેદવારનું નામ : ..... તારીખ : .....

શરૂ કર્યાનો સમય : ..... મેળવેલ ગુણ : _____ / 150

ઉમેદવારો માટે સૂચનાઓ

1. આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગમાં કુલ 56 પ્રશ્નો છે. તમામ પ્રશ્નો ફરજિયાત છે.
2. દરેક પ્રશ્નના ગુણ પ્રશ્નની સામે જમણી બાજુ દર્શાવેલ છે.
3. ઉત્તર નીચે દર્શાવેલ શબ્દમર્યાદામાં જ લખો. શબ્દમર્યાદા કરતાં ઘણો લાંબો કે ટૂંકો ઉત્તર ગુણ ઘટાડી શકે છે.
4. જરૂર જણાય ત્યાં કોષ્ટક, ફ્લોચાર્ટ, આકૃતિ કે નકશો દોરી શકો છો.
5. ઉત્તર ગુજરાતી ભાષામાં, સ્પષ્ટ અને સુવાચ્ય અક્ષરે લખો.
6. ઘડિયાળ સામે રાખી 3 કલાકમાં આખું પ્રશ્નપત્ર લખો. ઉત્તરો "યુનિટી પેપરસેટ" પુસ્તકના આદર્શ ઉત્તર સાથે સરખાવી જાતે ગુણ આપો.

વિભાગ	પ્રશ્ન ક્રમ	પ્રશ્ન × ગુણ	શબ્દમર્યાદા	કુલ ગુણ
ક	1 – 10	10 × 1	10–20 શબ્દો	10
ખ	11 – 20	10 × 2	20–30 શબ્દો	20
ગ	21 – 50	30 × 3	30–50 શબ્દો	90
ઘ	51 – 56	6 × 5	આશરે 100 શબ્દો	30

આ યુનિટી પબ્લિકેશન દ્વારા તૈયાર કરાયેલું મહાવરા માટેનું મૉડલ પ્રશ્નપત્ર છે. તે ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા પ્રકાશિત નથી.

TELEGRAM

નવાં પ્રશ્નપત્રો માટે અમારી ટેલિગ્રામ ચેનલમાં જોડાઓ

t.me/madhavdholakiya · www.unitypublication.org

ઉત્તર સહિત 25 પ્રશ્નપત્રો માટે: યુનિટી પેપરસેટ – CCE ગ્રુપ-A

WEBSITE

વિભાગ – ક : 1 ગુણના પ્રશ્નો

પ્રશ્ન 1–10 · ઉત્તર: 10–20 શબ્દો

પ્ર. 1 મહાવીર સ્વામીનું જન્મસ્થળ અને નિર્વાણસ્થળ જણાવો. **[1]**

પ્ર. 2 ગુજરાતના લોકનાટ્ય 'ભવાઈ'ના આદ્યપ્રણેતા તરીકે કોને ઓળખવામાં આવે છે? **[1]**

પ્ર. 3 સામાજિક ભૂગોળની વ્યાખ્યા આપો. **[1]**

પ્ર. 4 ભારતના ઊર્જા ક્ષેત્રમાં 'પંચામૃત' સંકલ્પ શું છે? **[1]**

પ્ર. 5 વિશ્વ ટેસ્ટ ચૅમ્પિયનશિપ 2025ની ફાઇનલ કોણે જીતી? **[1]**

પ્ર. 6 જુલાઈ 2025માં ભારતની કઈ ધરોહરને યુનેસ્કો વિશ્વ ધરોહર યાદીમાં સ્થાન મળ્યું? **[1]**

પ્ર. 7 રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો બંધારણના કયા ભાગમાં અને કયા અનુચ્છેદોમાં આપવામાં આવ્યા છે? **[1]**

પ્ર. 8 ‘લોક અદાલત’ શું છે? તેની સ્થાપના કયા કાયદા હેઠળ થઈ છે? **[1]**

પ્ર. 9 'લેન્ડલોર્ડ પોર્ટ મોડેલ' એટલે શું? **[1]**

પ્ર. 10 ગુજરાતની 'મુખ્યમંત્રી અમૃતમ (MA) યોજના' હેઠળ લાભાર્થીઓને શો લાભ મળે છે? **[1]**

વિભાગ – ખ : 2 ગુણના પ્રશ્નો

પ્રશ્ન 11–20 · ઉત્તર: 20–30 શબ્દો

પ્ર. 11 નંદ વંશના પતનનાં કારણો ટૂંકમાં જણાવો. **[2]**

પ્ર. 12 'ભવાઈ' શબ્દની ઉત્પત્તિ અને તેનો અર્થ જણાવો. **[2]**

પ્ર. 13 ટકાઉ વિકાસ એટલે શું? તેના મુખ્ય ત્રણ સ્તંભો જણાવો. **[2]**

પ્ર. 14 રવી માર્કેટિંગ મોસમ 2027-28 માટે ઘઉંના લઘુતમ ટેકાના ભાવ (MSP) વિશે જણાવો. **[2]**

પ્ર. 15 ઑપ્ટોજેનેટિક્સ શું છે? આ શોધ માટે 2026નું નોબેલ કોને મળ્યું? **[2]**

પ્ર. 16 અનુચ્છેદ 23 હેઠળ કઈ પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે? ટૂંકમાં જણાવો. **[2]**

પ્ર. 17 વિકાસમાં ‘દબાણ જૂથો’ કઈ રીતે હસ્તક્ષેપ કરે છે? **[2]**

પ્ર. 18 જાહેર સેવામાં હિતોનો સંઘર્ષ એટલે શું? **[2]**

પ્ર. 19 'કવચ' ટ્રેન સુરક્ષા પ્રણાલીની મુખ્ય લાક્ષણિકતાઓ જણાવો. **[2]**

પ્ર. 20 'પીએમ મિત્ર' (PM MITRA) ટેક્સટાઇલ પાર્ક યોજનાનો હેતુ અને ગુજરાતમાં તેનું સ્થળ જણાવો. **[2]**

વિભાગ – ગ : 3 ગુણના પ્રશ્નો

પ્રશ્ન 21–50 · ઉત્તર: 30–50 શબ્દો

પ્ર. 21 જૈન ધર્મના શ્વેતાંબર અને દિગંબર સંપ્રદાયો વચ્ચેનો તફાવત સમજાવો. **[3]**

પ્ર. 22	બૌદ્ધ ધર્મના ઝડપી પ્રસારનાં કારણોની ચર્ચા કરો.	**[3]**
પ્ર. 23	ગુજરાતમાં બૌદ્ધ ધર્મના પુરાતત્ત્વીય પુરાવાઓ ટૂંકમાં જણાવો.	**[3]**
પ્ર. 24	નંદ વંશની સિદ્ધિઓની ટૂંકમાં સમીક્ષા કરો.	**[3]**
પ્ર. 25	યુનેસ્કોની 'અમૂર્ત સાંસ્કૃતિક વિરાસત' એટલે શું? ભારતનાં કોઈ પણ બે ઉદાહરણ આપો.	**[3]**
પ્ર. 26	કચ્છના માંડવી બંદરની વહાણ નિર્માણ કળાની વિશેષતાઓ જણાવો.	**[3]**
પ્ર. 27	ગુજરાતની માટીની કળા (ટેરાકોટા) કયા વિસ્તારો સાથે સંકળાયેલી છે અને તેનો ઉપયોગ શા માટે થાય છે?	**[3]**
પ્ર. 28	ગુજરાતી લોકગીતો કઈ રીતે સામાજિક નિયંત્રણ અને સાંસ્કૃતિક વારસાનું સંરક્ષણ કરે છે?	**[3]**
પ્ર. 29	ગુજરાતના પૂર્વીય ડુંગરાળ પ્રદેશને કઈ પર્વતમાળાઓ સ્પર્શે છે? તેમના મુખ્ય ડુંગરો કયા છે?	**[3]**
પ્ર. 30	ભારતીય સમાજની પરંપરાગત જીવનશૈલી ટકાઉ વિકાસ સાથે કેવી રીતે જોડાયેલી છે? ઉદાહરણો સાથે સમજાવો.	**[3]**
પ્ર. 31	ભારતના વય-જાતિ પિરામિડનું વર્તમાન સ્વરૂપ અને તેના ભવિષ્યના સંકેતોનું મૂલ્યાંકન કરો.	**[3]**
પ્ર. 32	યુરોપીય સંસ્થાનવાદ દરમિયાન વિકસેલી બાગાયતી ખેતીની આર્થિક લાક્ષણિકતાઓ જણાવો.	**[3]**
પ્ર. 33	પ્રાચીન ભારતીય ખગોળશાસ્ત્રના વિકાસમાં વરાહમિહિર અને આર્યભટ્ટનું યોગદાન જણાવો.	**[3]**
પ્ર. 34	પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે થતાં નવપ્રવર્તનો માનવ જીવનને કેવી રીતે ટકાઉ બનાવે છે?	**[3]**
પ્ર. 35	ICTના વ્યાપક ઉપયોગને કારણે ઉદ્‌ભવતા 'ઈ-વેસ્ટ'ના પડકાર અને તેના નિકાલની પદ્ધતિઓ સમજાવો.	**[3]**
પ્ર. 36	ત્રીજા ભારત-નૉર્ડિક શિખર સંમેલન બાબતે જણાવો.	**[3]**
પ્ર. 37	ગુજરાતની વિજ્ઞાન, ટેકનોલોજી અને ઇનોવેશન (STI) નીતિ 2026-31ની મુખ્ય બાબતો જણાવો.	**[3]**
પ્ર. 38	આર્થિક સર્વેક્ષણ 2025-26માં શ્રમ બજાર અંગેનાં મુખ્ય તારણો જણાવો.	**[3]**
પ્ર. 39	સંસદીય શાસન પદ્ધતિ અને પ્રમુખીય શાસન પદ્ધતિ વચ્ચેનો મુખ્ય તફાવત સમજાવો.	**[3]**
પ્ર. 40	કેન્દ્રશાસિત પ્રદેશો માટે કાયદા ઘડવા અંગે બંધારણ શી જોગવાઈ કરે છે?	**[3]**
પ્ર. 41	અનુચ્છેદ 143 હેઠળ સર્વોચ્ચ અદાલતનો સલાહકારી અભિપ્રાય શું છે? શું તે ન્યાયિક ચુકાદાની જેમ બંધનકર્તા છે?	**[3]**
પ્ર. 42	ભારતીય બંધારણ અને અમેરિકાના બંધારણ વચ્ચેની મુખ્ય સમાનતાઓ અને ભિન્નતાઓ જણાવો.	**[3]**
પ્ર. 43	લોક વહીવટ કળા છે, વિજ્ઞાન છે કે બંને? સમજાવો.	**[3]**
પ્ર. 44	ભારતીય સિવિલ સેવાના મુખ્ય ગુણો અને દોષો જણાવો.	**[3]**
પ્ર. 45	જાહેર વિતરણ પ્રણાલી (PDS)ના અમલીકરણમાં કઈ સમસ્યાઓ છે? તેના ઉપાયો જણાવો.	**[3]**
પ્ર. 46	વિકાસ પ્રક્રિયામાં ‘હિતધારકો’ શા માટે મહત્ત્વના છે? તેમની શ્રેણીઓ સમજાવો.	**[3]**
પ્ર. 47	ભાવનાત્મક બુદ્ધિમત્તા જાહેર સેવકને નૈતિક નિર્ણય લેવામાં કેવી રીતે મદદ કરે છે? સમજાવો.	**[3]**

પ્ર. 48 ભારતીય રિઝર્વ બેંક (RBI)નાં મુખ્ય નિયમનકારી અને દેખરેખ સંબંધી કાર્યો જણાવો. **[3]**

પ્ર. 49 'કર ઉછાળ' (Tax Buoyancy) એટલે શું? સમજાવો. **[3]**

પ્ર. 50 ગ્રામીણ ઋણગ્રસ્તતાનાં કારણો અને અસરો સમજાવો. **[3]**

વિભાગ – ઘ : 5 ગુણના પ્રશ્નો

પ્રશ્ન 51–56 · ઉત્તર: આશરે 100 શબ્દો

પ્ર. 51 બિશ્કેકમાં યોજાયેલા 26મા SCO શિખર સંમેલન અને તેમાં ભારતના વલણની ચર્ચા કરો. **[5]**

પ્ર. 52 નમો લક્ષ્મી યોજનાનો હેતુ, લાભ અને મહત્ત્વ જણાવો. **[5]**

પ્ર. 53 ઑક્ટોબર 2026માં RBIએ રેપો દર વધાર્યો તેનાં કારણો અને અસરોની ચર્ચા કરો. **[5]**

પ્ર. 54 રાજ્યપાલની નિમણૂક અને તેમને હટાવવાની પ્રક્રિયા સમવાયી માળખા માટે કેવી રીતે પડકારરૂપ બને છે? ચર્ચા કરો. **[5]**

પ્ર. 55 ભારતીય બંધારણની સાતમી અનુસૂચિ શું છે? તેની ત્રણેય સૂચિઓની ચર્ચા કરી તેનું મહત્ત્વ સમજાવો. **[5]**

પ્ર. 56 તમે તાલુકા વિકાસ અધિકારી છો. ગ્રામ પંચાયતોમાં થયેલાં કામોનાં બિલ ત્રણ મહિનાથી ચૂકવાયાં નથી, કારણ કે જિલ્લામાંથી અનુદાન મોડું આવ્યું છે. આજે દસેક સરપંચો તમારી કચેરીમાં આવે છે. એક સરપંચ ગુસ્સામાં બૂમો પાડે છે અને તમારા હિસાબી કારકુનને અપમાનજનક શબ્દો કહે છે. કારકુન પણ સામે ઊંચા અવાજે જવાબ આપે છે અને વાતાવરણ તંગ બને છે. કર્મચારી મંડળ પોલીસ ફરિયાદ કરવાની અને કામ બંધ રાખવાની વાત કરે છે. તમને પણ આ વર્તનથી ગુસ્સો આવે છે, પણ સરપંચોની ફરિયાદ ખોટી નથી. ગામોમાં મજૂરો અને નાના ઠેકેદારો પણ ચુકવણીની રાહ જુએ છે.
આ કિસ્સામાં કયા નૈતિક મુદ્દા સંકળાયેલા છે? તમે પરિસ્થિતિ કેવી રીતે સંભાળશો? તમારા નિર્ણયને યોગ્ય ઠેરવો. **[5]**

— પ્રશ્નપત્ર સમાપ્ત —

આ પ્રશ્નપત્રના **આદર્શ ઉત્તર**, હસ્તલિખિત **માસ્ટર પેપર** અને બીજાં 24 પ્રશ્નપત્રો
યુનિટી પેપરસેટ – CCE ગ્રુપ-A પુસ્તકમાં

પ્રિન્ટ પુસ્તક
QR સ્કેન કરી ઓર્ડર કરો

ઈ-બુક
QR સ્કેન કરી ખરીદો

www.unitypublication.org